# વિદ્યાર્થી દેવો ભવ:

આપણે સૌ અવારનવાર કહીએ છીએ કે, માતૃદેવો ભવ:, પિતૃ દેવો ભવ:, આચાર્ય દેવો ભવ :। આચા સૂત્રો માત્ર કહીએ છીએ એવું નથી તેમાં શ્રદ્ધા પણ રાખીએ છીએ. તેનો અમલ કરવા પણ પ્રયત્ન કરીએ છીએ. ઉપરોક્ત સૂત્રોને આધારે એવું ચોક્કસ પણે  કહી શકાય કે, આપણે સૌ માતા-પિતા અને ગુરુ-શિક્ષકને માન આપીએ છીએ, તેમનો આદર કરીએ છીએ. આમ કરવા પાછળ ઘણાં કારણો છે, જેની ચર્ચા અહીં કરતા નથી. પણ એટલું તો જરૂરથી કહીશું કે, આપણે સૌએ માતા-પિતા અને ગુરુને આદર આપવો જોઇએ, તેમને માન આપવું જોઇએ. તો મારી દ્દષ્ટિએ આપણે સૌએ તેમાં પણ કાસ કરીને શિક્ષણ સાથે સંકળાયેલ તમામ વ્યક્તિએ વિદ્યાર્થીને પણ માન આપવું જોઇએ, તેનો આઘર કરવો જોઇએ.

વિચર્થીને માન આપવું કે આદર કરવો તેનો અર્થ એવો નહીં કરીએ કે, તેમને વડીલની જેમ આદર કરીને માન આપવાનું છે. પણ અહીં તેમના વિચારો, તેમની પ્રવૃત્તિઓ, તેમના સ્વમાન વગેરેને માન આપીને આદર કરવાની વાત છે. આપણે સૌ વારંવાર કહીએ છીએ કે, બાળક એ તો ભગવાનનું સ્વરૂપ છે. તે નિર્દોષ હોય છે, તેના મનમાં સહેજ પણ કટુતા કે મલીનતા હોતી નથી. તો આવું વ્યક્તિત્ત્વ ધરાવનાર પછે તે ભલેને ઉંમરમાં આપણાથી મોી વ્યક્તિ હોય કે નાની વ્યક્તિ, પણ છે તો આદરને પાત્ર જ. હકીકતમાં કોઇપણ બાળક જ્યારે જન્મ લે છે ત્યારે તે પવિત્ર, શુદ્ધ હોય છે. તે દુનિયાનો પહેલો શ્વાસ લે છે ત્યારે તેને દુનિયા વિશે કશું જ જ્ઞાન હોતું નથી. ધીમે ધીમે તેની સમજ શક્તિ વિકસવા માંડે છે, તે આસપાસના વાતાવરણમાંથી જે જૂએ તેનો સ્વીકાર કરતો થાય છે. જેમાંથી અનેકાઅનેક બાળકો ખોટું કરતાં પણ શીખે છે. આ બાળકો જે જન્મે પવિત્ર, નાસમજ હતા તેમને બગાડયા કોને ? આપણે સૌએ જ. કારણ કે આપણે તેને એવું વાતાવરણ પૂરું પાડયું કે, તે બગડી ગયો, ચોરી કરતો થઇ ગયો, જૂઠ્ઠું બપલતો થઇ ગયો. અંતે આપણે વાંક કાઢશું તો તે બાળકનો જ કે, તે આવો છે ને તેવો ચે. હકીકતમાં તેને આવો કે તેવો કરનાર સમાજ જ છે.

આજે વર્ગખંડમાં ધોરણ એકમાં પ્રવેશ લેતું બાળક પણ બાપડું બિચારું થઇને રડતું રડતું, નિર્દોષ ભાવે આવે છે. તેને પણ બગાડનાર તેની આસપાસનું વાતાવરણ જ છે. કેટલાક બાળકો વર્તનવ્યવહારમાં ખૂબ જ સારા હોય છે તેનું કારણ પણ તેમનું વાતાવરણ જ છે. તયરે શિક્ષકે વર્ગખંડમાં અભ્યાસ કરાવતી વખતે બાળકમાં જોવા મળતા દોષ કરતાં તે દોષ આવવાના કારણો જાણવા વધુ પ્રયત્ન કરવો જોઇએ. બાળકને ઓળખવું તે શિક્ષકનો પહેલો ધર્મ છે. બાળકને ઓળખવું એટલે તેનું નામ, તેના માતાપિતાનું નામ કે સરનામાની વાત નથી. બાળકને ઓળખવું એટલે તેની ઉંમર, તેના વિચારો, તેનું વર્તન, તેને મળતું વાતાવરણ, તેની શારીરિક કે માનસિક શક્તિઓ કે ઉણપો વગેરેને જાણવા. તે જાણીને તે પ્રમાણે શિક્ષકે તેની સાથે વર્તનવ્યવહાર કરવો. આજે ઘણી જગ્યાએ ઘણી શાળામાં કે વર્ગખંડમાં જોવા મળે છે કે, શિક્ષકો અમુક બાળકને પ્રાધાન્ય આપતા હોય છે તો અમુક બાળકને ધૂતકારતા હોય છે. જેના કારણો અનેક હોઇ શકે, પણ શિક્ષક એવું વિચારે કે, આવું કેમ ? શીખવામાં નબળું  કે વર્ગમાં તોફાન કરતા બાળક વિશે વિચારીએ તો તેના તે પ્રકારના વર્તન પાછળ તેનો જેટલો વાંક છે તેના કરતાં તેના વાલી કે

શિક્ષકકે મિત્રો કે સગાં કે વાતાવરણનો વધારે વાંક હોય છે. તો બીજાના વાંકે તે બાળકને શિક્ષા કરવી કે હડધૂત કરવો કેટલા અંશે યોગ્ય છે ?
વિદ્યાર્થીઓ જેમ આચાર્ય દેવો ભવ: કહીને શિક્ષકને માનપાન-આદાર આપે છે તેમ શિક્ષકોએ પણ વિદ્યાર્થી દેવો ભવ: કહીને તેના અસ્તીત્ત્વનો સ્વીકાર કરી તેનો આદર કરવો જોઇએ. વર્ગખંડમાં દરેકે દરેક વર્તન વિદ્યાર્થી માટે જ હોવું જોઇએ. તે પણ ખૂબ જ હકારાત્મક રીતે. શિક્ષકનું ભણાવવું એ કોઇ કામ નથી, તે તેની માત્ર ફરજ નથી કે નથી માત્ર સેવાકાર્ય. શિક્ષકનું વર્ગખંડનું કામ દુનિયાના અન્ય અનેક કામ કરતાં અનેક ઘણું ચઢિયાતું છે. તે માત્ર શારીરિક કે માત્ર માનસિક કામ નથી. શિક્ષકનું કામ એ શારીરિક, માનસિક, ભાવાત્મક, નૈતિક,સંબંધાત્મક,નિ:સ્વાર્થ અને નિખાલસ વર્તનથી ભરેલું છે. બાળક શિક્ષકને ભગવાન માને છે, તો શિક્ષકે પણ બાળકની નિર્દોષતા અને નિખાલસતા જોઇ ભગવાનના બાળ સ્વરૂપની જેમ જોવું જોઇએ. આધ્યાત્મિક અને ધર્મની બાબતોમાં વિશ્વાસ રાખી દેવી-દેવતાની સામે બેસી હાથ જોડી સેવાપૂજા કરતો શિક્ષક શાળામાં જો બાળકને ખખડાવતો હોય કે શારીરિક શિક્ષા કરતો હોય તો તેવા શિક્ષકની પૂજાને દેવીદેવતા ક્યાંથી સ્વીકારે ? વિદ્યાર્થીને પ્રેમ કરવો, તેની સાથે પ્રેમથી વાત કરવી અને શૈક્ષણિકકાર્યમાં નિચોવાઇ જવું એ જ શિક્ષક માટે ખરી પૂજા છે. તે શિક્ષક જ સાચા અર્થમાં આસ્તિક છે. આવા શિક્ષકની પૂજા દેવીદેવતા સરળતાથી સ્વીકારી લે છે, પછી ભલે તેણે ચંપલ પહેરીને દર્શન કર્યા હોય, મંદિરમાં ગયા વગર બહારથી કાલી નમસ્કાર કર્યા હોય તો પણ દેવીદેવતાને ગમશે. વિદ્યાર્થીમાં દેવીદેવતાના દર્શન કરીને તેની સામે કામ કરવાની શિક્ષકને મજા આવશે, તેના આત્મવિશ્વાસમાં વધારો થશે, તેને પોતાના કામ માટે અને પોતાની જાત માટે ગૌરવ ઉત્પન્ન થશે. માટે જ દરેક શિક્ષકે વિદ્યાર્થી દેવો ભવ : કહીને કરીને પોતાનું શૈક્ષણિક કાર્ય કરવું જોઇએ. શિક્ષક પર વિદ્યાર્થી પ્રસન્ન તો દેવો પ્રસન્ન એમ માનવું સહેજ પણ અતિશ્યોક્તિભર્યું નહીં ગણાય. શિક્ષક વિદ્યાર્થી દેવો ભવ: કરશે તો વિયર્થીઓ પણ આપોઆપ આચાર્ય દેવો ભવ: કરશે જ.

**dr.ashokpatel@in.com**